॥ श्रीः ॥

पुरुषसूक्तामृतषोडशी

(સરળ ગુજરાતી અનુવાદ સાથે)

અનુવાદક—

શાસ્ત્રી બાલકૃષ્ણ ભાસ્કર વૈદ્ય

મુદ્રક અને પ્રકાશક

નટવરલાલ ઇચ્છારામ દેસાઇ, બી. એ.

મુદ્રણસ્થાન

'ગુજરાતી' પ્રિન્ટીંગ પ્રેસ

સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ, કોટ–મુંબઇ

ઇ. સ. ૧૯૩૯]   [વિ. સં. ૧૯૯૫

નિવેદન

વૈદિક વાઙ્મયમાં પુરુષસૂક્ત ઘણું જાણીતું છે. એનો પ્રયોગ વૈદિક વિધિમાં, પ્રાર્થનામાં, પરમાત્માનું વિરાટ્ સ્વરૂપ સમજાવવામાં ઘણી વાર થાય છે. શ્રીમદ્‌ભાગવતમાં ઘણી સ્તુતિઓ પુરુષસૂકતના અનુવાદ યા અનુકરણરૂપ છે. સં. ૧૯૯૫ ના "ગુજરાતી" પત્રના ખાસ શ્રીકૃષ્ણાંકમાં બ્રહ્માજીએ પરમાત્માની પુરુષસૂકતવડે સ્તુતિ કરી એ વિષય શ્રીકૃષ્ણજન્મપ્રકરણ નામના લેખમાં ગુજરાતી પ્રેસના વે. શા. સં. શાસ્ત્રી બાલકૃષ્ણ ભાસ્કર વૈદ્યે વર્ણવ્યો છે. તેમાંથી પુરુષસૂકત જૂદું કરીને અત્રે છપાવ્યું છે. વાંચનારાઓની સુગમતા માટે મૂળ શ્લોકમાં વૈદિક ચિહ્નો વાપર્યાં નથી. પણ ઇષ્ટ દેવની વૈદિક ષોડશોપચારપૂજામાં આ પુરુષસૂકતનો એક એક શ્લોક એક એક ઉપચાર કરતી વખતે બોલાય છે, તે સમજવા માટે શ્લોક સાથે ઉપચારનામ મુકેલું છે. પુરુષસૂકતનો અનુવાદ ઉવટાચાર્ય અને મહીધરાચાર્ય એમના ભાષ્યોના આધારે કરેલો છે. ઉવટાચાર્યના મતે પુરુષસૂક્તના બાવીશ મંત્રો છે અને મહીધરાચાર્યના મતે સોળ મંત્રો છે. મહીધરાચાર્યના મતને અનુસરીને આમાં સોળ મંત્રોનો સમાવેશ કરેલો હોવાથી 'પુરુષસૂક્તામૃતષોડશી' નામ આપેલું છે. આશા છે કે આ સરળ સાદો ગુજરાતી અનુવાદ ધર્મપ્રેમી જનતાને પસંદ પડશે.

પ્રકાશકો

पुरुषसूक्तामृतषोडशी।[1]

ॐ अस्य श्रीपुरुषसूक्तस्य नारायण ऋषिः। पुरुषो देवता। अनुष्टुप् छन्दः। अन्त्या त्रिष्टुप्। मोक्षे विनियोगः।

આ પુરુષસૂક્તના ઋષિ નારાયણ છે, પુરુષ એ દેવતા છે, છન્દ અનુષ્ટુપ્ છે, છેલ્લે ત્રિષ્ટુપ્ છે, અને વિનિયોગ મોક્ષમાં છે.

सहस्रशीर्षा पुरुषः सहस्राक्षः सहस्रपात्।
स भूमिं सर्वतस्पृत्वात्यतिष्ठद्दशाङ्गुलम् ॥१॥ इति आवाहनम्।

અનેક સહસ્ર મસ્તકોવાળા,[2] અનેક સહસ્ર આંખોવાળા અને અનેક સહસ્ર ચરણોવાળા પુરુષ[3] આપ છો. અર્થાત્ આપ

---

૧ દેવના વૈદિક ષોડશોપચાર-પૂજાવિધિમાં પણ આ સોળ મંત્રો ભણવામાં આવતા હોવાથી પ્રત્યેક મંત્રના અંતે તેનો ઉપચાર પણ દર્શાવ્યો છે.

૨–'सर्वेषु गात्रेषु शिरः प्रधानम्' આ પ્રમાણવાકયાનુસાર સર્વ ગાત્રોમાં શીર્ષ–મસ્તક પ્રધાન–મુખ્ય હોવા છતાં સર્વ પ્રાણીઓનાં મસ્તકો દેહાંતે પતન પામતાં હોવાને લીધે અનેકસહસ્રમસ્તકધારી અનંત ભગવાન્ વિના અન્ય કોઈ નથી.

૩–'यज्ञो वा अस्यात्मा भवति–યજ્ઞ એ આ પુરુષનો આત્મા છે.' આમ શ્રુતિમાં કહેલું હોવાથી પરમાત્માના વિજ્ઞાન અને આનંદ આદિ ગુણોના અધ્યાત્મને ઠેકાણે નિર્માણ થયેલો પુરુષમેધયજ્ઞ પ્રજાપતિ લોક, કાલ અને અગ્નિ આદિ શરીરવાળો હોઈ પુરુષોની ઉત્પત્તિનો, સ્થિતિનો અને સંહારનો હેતુ છે અને સ્વર્ગ, અપવર્ગ, ઐશ્વર્ય અને મોક્ષ આપનારો છે. 'શરીર તો જ્ઞાનનું અને કર્મસમુચ્ચયનું કારણ છે.' ઇંદ્રિયોથકી અર્થો પર છે, અર્થોથકી પર મન છે, મનથકી પર બુદ્ધિ છે, બુદ્ધિથકી પર આત્મા—મહત્તત્ત્વ છે, મહત્તત્ત્વથકી પર અવ્યક્ત છે અને અવ્યક્તથકી પર પુરુષ છે. પુરુષથકી પર કાંઈ નથી. પુરુષ તે કાષ્ઠા—પરમાવધિ છે, અને તેજ પરમ ગતિ છે.'

અનંત છો. આપ બ્રહ્માંડલોકરૂપ પૃથ્વીને, નીચેના, ઉપરના અને ચોતરફના ભાગોને સંપૂર્ણ વ્યાપીને દશેંદ્રિયસમૂહમાં અથવા પંચભૂતોનું અતિક્રમણ કરી દશાંગુલપરિમિત દેશમાં અથવા નાભિસ્થાનથકી દશાંગુલ પ્રમાણનો ભાગ છોડી ઉપરના ભાગમાં અર્થાત્ હૃદય[1]કમળમાં અવશિષ્ટ થઈ રહેલા છો. આપ અંતર્બાહ્ય છો. આપ સર્વાંતર્યામી હોઈ સર્વથી ભિન્ન છો. આપ બ્રહ્માંડથકી બહારના ભાગોને પણ ચોતરફથી વ્યાપી રહેલા છો. ૧.

पुरुष एवेदं सर्वं यद्भूतं यच्च भाव्यम् ।
उतामृतत्वस्येशानो यदन्नेनातिरोहति ॥२॥ इति आसनम् ।

વર્તમાનકાળમાંના સર્વ જગતના, ભૂતકાળમાંના સર્વ જગતના અને ભવિષ્યકાળમાંના ભાવિ સર્વ જગતના સ્વામી આપ છો. જે મોક્ષ કહેવાય છે તેના સ્વામી પણ આપ જ છો. એટલું જ નહીં પણ જે પ્રાણિભોગ્ય અન્નવડે–નિમિત્તભૂત ફલવડે પોતાની કારણાવસ્થાનું અતિક્રમણ કરીને દૃશ્યમાન જગદવસ્થાને પામે છે તે પણ આપ છો. આપે પ્રાણીઓના કર્મફલભોગ માટે જગદવસ્થાનો સ્વીકાર કરેલો છે છતાં તે થકી આપનું વસ્તુત્વ નથી. આપ પૃથિવ્યાદિ સર્વ જગતને વ્યાપી સ્થિર થઇ રહેલા છો છતાં તે થકી ભિન્ન પણ છો. આપ આપના સામર્થ્યવડે જગતને નિર્માણ કરો છો. તે નિર્માણ કરવા માટે આપને જન્મ ધારણ કરવો પડતો નથી. ૨

૧–'सोऽयं विज्ञानमयः प्राणेषु हृद्यन्तर्ज्योतिः–(કઠોપનિષત્ ૩-૧૦-૧૧) તે પુરુષ પ્રાણોમાં અને હૃદયમાં વિજ્ઞાનમય અન્તર્જ્યોતિઃસ્વરૂપ છે' આમ શ્રુતિમાં કહેલું હોવાથી તે કર્મફલના ઉપભોગ માટે જ્ઞાનાત્માના હૃદયમાં સ્થિત થઈ રહેલો છે. કારણ તે અંતર્યામી નિયંતા છે. 'इमे वै लोकाः पूरयमेव पुरुषो योऽयं पवते सोऽस्यां पुरि शेते तस्मात्पुरुषः–આ સર્વ લોકો પૂઃ કહેવાય છે. આ લોકોમાં જે વાય છે, તે જ આ પુરુષ છે અને તે આ પુરીમાં શયન કરે છે માટે પુરુષ કહેવાય છે.'

તાત્પર્ય-જેમ આ કલ્પમાં વર્તમાન પ્રાણિદેહો બધાય વિરાટ્ પુરુષના અવયવો છે તેમ આગામી કલ્પમાં પણ તે કાયમ રહેવાના.

વિવરણ-જે જીવસમૂહ અન્નવડે ઉત્પન્ન થાય છે તે સર્વના સ્વામી આપ છો. 'इतः प्रदानाद्धि देवा उपजीवन्ति'-આમ શ્રુતિમાં કહેલું હોવાથી બ્રહ્માદિ સ્તંભપર્યંતનો ભૂતગ્રામ અન્નના યોગે જ સ્થિત થઈ રહેલો હોવાથી સર્વના સ્વામી આપ જ છો.

एतावानस्य महिमातो ज्यायांश्च पूरुषः ।
पादोस्य विश्वा भूतानि त्रिपादस्यामृतं दिवि ॥३॥ इति पाद्यम् ।

અતીત, અનાગત અને વર્તમાન આ ત્રણે કાળોથી સંબદ્ધ થઈ રહેલા વિસ્તૃત જગત્ જેટલો આપનો મહિમા છે. માટે આ જગજ્જાલથકી મહાન્ પુરુષ આપ છો. જે કાલત્રયવર્તી સર્વ પ્રાણિસમૂહો છે તે અથવા ચતુર્દશ ભુવનસમૂહમાંના ચાર પ્રકારના ભૂતો છે તે આપનો એક પાદ-ચાર અંશોમાંનો એક અંશ કહેવાય છે. આપનું જે ઋગ્યજુઃસામલક્ષણવાળું અથવા આદિત્યલક્ષણવાળું અવિનાશિ ત્રિપાદસ્વરૂપ અવશિષ્ટ રહેલું છે તે તો દ્યોતનાત્મક સ્વપ્રકાશમાં સ્થિત થઇ પ્રકાશે છે. ૩

વિવરણ-'सत्यं ज्ञानमनन्तं ब्रह्म-જ્ઞાન સત્ય છે અને બ્રહ્મ અનંત છે' આમ શ્રુતિમાં કહેલું હોવાથી પરબ્રહ્મને ઇયત્તા નથી. તે અનંત છે. તેમનું પાદચતુષ્ટયની મર્યાદાવડે નિરૂપણ કરવું અશક્ય છે. તથાપિ 'पादोऽस्य विश्वा भूतानि' વચનવડે પાદનો નિર્દેશ કરેલો હોવાથી ચાર પાદોમાંનો એક પાદ આ જગત્ બ્રહ્મરૂપની અપેક્ષાવડે અત્યલ્પ છે એમ કહેવાની બ્રહ્મદેવની ઇચ્છા હોવી જોઇએ. તાત્પર્ય આ જગત્ અત્યલ્પ અને સ્વપ્રકાશ-ગુણયુકત જગત્ આ જગતથી ત્રિગુણિત છે.

त्रिपादूर्ध्व उदैत्पुरुषः पादोस्येहाभवत्पुनः।

ततो विष्वङ् व्यक्रामत्साशनानशने अभि ॥ ४ ॥ इति अर्घ्यम्।

સંસારસ્પર્શરહિત બ્રહ્મરૂપ ત્રણ પાદોવાળા આપ ઊર્ધ્વ એટલે માયાકાર્યવાળા સંસારથી બહિર્ભૂત એવા ઉચ્ચ સ્થાનમાં દેદીપ્યમાન થઇ રહેલા છો. આપ અહીંના ગુણદોષોથી અલિપ્ત છો. આપનો જગદ્રૂપ અર્થાત્ ત્રૈલોકયબીજભૂત એક પાદ આ માયામાં–ચારે ભૂતોમાં સૃષ્ટિસંહારકાર્યો માટે પુનઃ પુનઃ આવ્યા કરે છે. આપ થકી આ ભુવનકોશ નિર્માણ થયેલો છે. પ્રકૃતિરૂપ માયાને[1] ધારણ કરી પછી આપે દેવતિર્યંગાદિરૂપે વિવિધ પ્રકારે સર્વસંચારી થઇ આ સર્વ વ્યાપેલું[2] છે. આપ માયી છો. અશનક્રિયાધર્મવાળા સ્વર્ગને અર્થાત્ અશનાદિ-વ્યવહારવાળા સચેતન પ્રાણિસમૂહને અને અશનવિનાના મોક્ષને અથવા અચેતન ગિરિ નદી આદિકને આપે જ વ્યાપ્ત કરેલાં છે. ૪.

ततो विराडजायत विराजो अधिपूरुषः।

स जातो अत्यरिच्यत पश्चाद्भूमिमथो पुरः ॥५॥ इति आचमनम्।

આપ થકી વિરાટ્–વિશ્વોત્પત્તિ અથવા બ્રહ્માંડદેહ નિર્માણ થયેલો છે. વિરાટ દેહ થકી પ્રધાન તેજ–ક્ષેત્રજ્ઞ સૃષ્ટિકર્તા બ્રહ્મા નિર્માણ થયો. ત દેહને અધિકરણ બનાવી તદ્દેહાભિમાની એક જ

---

૧ 'मायां तु प्रकृतिं विद्धि मायिनं तु महेश्वरम्। મહેશ્વર પોતે માયી છે. માયા એ તેની પ્રકૃતિ કહેવાય છે.'

૨ 'विष्टभ्याहमिदं कृत्स्नमेकांशेन स्थितो जगत्। (गी. १०।४२) ભગવાન પોતે અર્જુનને કહે છે કે, જે આ જગતથી વ્યતિરિક્ત છે તે સર્વને વ્યાપીને હું એક અંશવડે આ ચતુર્દશભુવનાત્મક સર્વ જગતને પણ વ્યાપી રહેલો છું.'

પુરુષ નિર્માણ થયો. નિર્માણ થયેલો તે અતિરિક્ત વિરાટ્ પુરુષ દેવતિર્યઙ્મનુષ્યરૂપ થયો. તાત્પર્ય એ કે સર્વ વેદાંતવેદ્ય પરમાત્મા પોતાની માયાવડે બ્રહ્માંડરૂપ વિરાટ્ દેહને નિર્માણ કરી તેમાં જીવરૂપે[1] પ્રવેશ કરી બ્રહ્માંડાભિમાની દેવતાત્મા થયા. તદનંતર આ ક્ષેત્રજ્ઞ બ્રહ્મા થકી પ્રથમ ભૂમિ નિર્માણ થઇ અથવા તે ભૂમિ દેવાદિ જીવો માટે સર્જાઇ. ભૂમિસૃષ્ટિ પછી ચતુર્વિધ શરીરો નિર્માણ થયાં. અર્થાત્ પુત્રાદિ તેના થકી જ નિર્માણ થયા. અથવા જીવોનાં पुरः–पूर्यन्ते सप्तभिर्धातुभी रसासृङ्मांसमेदोस्थिमज्जाशुक्रैः રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર આ સાત ધાતુઓથી પૂરાતાં પુરો–શરીરો નિર્માણ થયાં. ૫.

तस्माद्यज्ञात्सर्वहुतः सम्भृतं पृषदाज्यम् ।
पशूंस्तांश्चक्रे वायव्यानारण्या ग्राम्याश्च ये ॥६॥ इति स्नानम् ।

આપ યજ્ઞસ્વરૂપ હોવાથી અગ્નિષ્ટોમ અને પુરુષમેધ એ આપનાં જ નામો છે. આપને ઉદ્દેશીને જ દધિમિશ્ર ઘૃતાદિ ભોગ્ય દ્રવ્યો તેમાં હવન કરાય છે તે આપે સંપાદન કરેલાં છે. અરણ્યમાંનાં હરિણાદિ પશુઓ અને ગામમાંના ગાય, અશ્વ ઇત્યાદિ પશુઓ તે બધાં વાયવ્ય[2] છે. તેમને આપે જ નિર્માણ કર્યાં છે. ૬

---

૧ 'स वा एष भूतानीन्द्रियाणि विराजं देवताः कोशांश्च सृष्ट्वात्र प्रविष्ट इव विहरति– તે આ પુરુષ ભૂતોને, ઇંદ્રિયોને, વિરાટ્ પુરુષને, દેવતાઓને અને ભુવનકોશોને નિર્માણ કરી જાણે કે એ સર્વમાં પ્રવેશ કરી રહેલો હોયની તેમ વિહાર કરે છે.' આવી રીતે આથર્વણ નૃસિંહોત્તરતાપિની શ્રુતિમાં પ્રતિપાદન કરેલું છે. તાત્પર્ય પુરાણ પુરુષ સર્વત્ર–ચતુર્દશ ભુવનોમાં અને ચતુર્દશ ભુવનવ્યતિરિક્ત સ્થાનોમાં પણ પોતાના અંશોવડે પ્રવેશ કરી રહેલા છે.

૨ 'अन्तरिक्षदेवत्याः खलु पशवः ।—પશુઓનું દૈવત અંતરિક્ષ છે.' આમ શ્રુતિમાં કહેલું છે. તે અંતરિક્ષનું દૈવત વાયુ હોવાથી પશુઓમાં વાયુદૈવતાત્વ છે.

તાત્પર્ય-આ પ્રમાણે સર્વહુત્ આત્મયજ્ઞ પૂરિત થવાથી ઉત્પન્ન થવાના યોગે સર્વ પશુઓને અને સર્વ ભૂતજાતોને યોગીઓ કરતલામલકવત્ જુવે છે. તેઓ જ્ઞાનતેજવડે ભૂતજાતોને જુવે છે. તેથી તેમણે આપને ઉદ્દેશીને યજ્ઞમાં હવન કરેલાં દધિમિશ્ર ઘૃતાદિ ભોગ્ય દ્રવ્યો આપને પામે છે.

तस्माद्यज्ञात्सर्वहुतः ऋचः सामानि जज्ञिरे ।

छन्दांसि जज्ञिरे तस्माद्यजुस्तस्मादजायत ॥ ७ ॥ इति वस्त्रम् ।

તે સર્વહુત્ અગ્નિથકી ઋગ્વેદ, સામવેદ, ગાયત્રી આદિ છંદો અને યજુર્વેદ નિર્માણ થયા. ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને છંદો વિના યજ્ઞસિદ્ધિ થતી નથી. તે સર્વના નિર્માતા યજ્ઞસ્વરૂપ આપ છો. ૭

तस्मादश्वा अजायन्त ये के चोभयादतः ।

गावो ह जज्ञिरे तस्मात्तस्माज्जाता अजावयः ॥ ८ ॥

इति यज्ञोपवीतम् ।

તે યજ્ઞથકી અશ્વો, નીચેના અને ઉપરના દાંતવાળા અશ્વેતર ગર્દભ વગેરે, ગાયો, બળદો અને બકરાં ઘેટાં નિર્માણ થયાં. પશુઓ વિના યજ્ઞસિદ્ધિ થતી નથી. ૮

યજ્ઞપુરુષ

तं यज्ञं बर्हिषि प्रौक्षन्पुरुषं जातमग्रतः ।

तेन देवा अजायन्त साध्या ऋषयश्च ये ॥ ९ ॥ इति गंधम् ।

કપિલાદિ યોગી દેવોએ, સૃષ્ટિસાધનયોગ્ય પ્રજાપતિપ્રભૃતિ સાધ્યોએ અને તદનુકૂલ મન્ત્રદ્રષ્ટા ઋષિઓએ સૃષ્ટિપૂર્વે નિર્માણ

થયેલા યજ્ઞસાધનભૂત તે પુરુષને પશુ માની યજ્ઞસ્તંભપર બાંધી માનસયાગમાં તેને પ્રોક્ષણાદિ સંસ્કારોવડે સંસ્કૃત કર્યો. ૯

यत्पुरुषं व्यदधुः कतिधा व्यकल्पयन् ।
मुखं किमस्यासीत्किं बाहू किमूरू पादा उच्येते ॥ १० ॥

इति पुष्पम् ।

જ્યારે ઇંદ્રાદિ દેવોએ તે પુરુષને નિર્માણ કર્યો ત્યારે તેની કેટલા પ્રકારે કલ્પના કરી વારુ? પ્રશ્ન–આ પુરુષનું મુખ કયું? બાહુ કયા? સાથળો કયા? અને ચરણો કયા કહેવાય છે વારુ? ૧૦

ब्राह्मणोस्य मुखमासीद्बाहू राजन्यः कृतः ।
ऊरू तदस्य यद्वैश्यः पद्भ्यां शूद्रो अजायत ॥११॥ इति धूपः ।

બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર આ ચારે વર્ણો તે યજ્ઞોત્પન્ન પ્રજાપતિથકી જ નિર્માણ થયેલા હોવાને લીધે બ્રાહ્મણોને તેમના મુખની ઉપમા આપેલી છે, ક્ષત્રિયોને તેમના ભુજોની ઉપમા આપેલી છે, વૈશ્યોને તેમના સાથળોની ઉપમા આપેલી છે અને શૂદ્રોને તેમના ચરણોની ઉપમા આપેલી છે. અર્થાત્ બ્રાહ્મણો એ તેમનું મુખ, ક્ષત્રિયો એ તેમના ભુજો, વૈશ્યો એ તેમના સાથળો અને શૂદ્રો એ તેમના ચરણો છે. ૧૧

चन्द्रमा मनसो जातश्चक्षोः सूर्यो अजायत ।
श्रोत्राद्वायुश्च प्राणश्च मुखादग्निरजायत ॥ १२ ॥ इति दीपः ।

ચંદ્રમા તેમના મનથકી નિર્માણ થયેલ છે અર્થાત્ ચંદ્રમા એ તેમનું મન છે, આંખોથકી સૂર્ય નિર્માણ થયેલો છે અર્થાત્ સૂર્ય એ તેમની આંખો છે, પ્રાણવાયુ તેમના કર્ણથકી નિર્માણ થયેલો છે અર્થાત્ પ્રાણવાયુ એ તેમનો કર્ણ છે અને અગ્નિ

તેમના મુખથકી નિર્માણ થયેલો છે અર્થાત્ અગ્નિ એ તેમનું મુખ છે. ૧૨

તાત્પર્ય—જે દધ્યાદિ ભોગ્ય દ્રવ્યો, ગવાદિ પશુઓ, ઋગાદિ વેદો અને બ્રાહ્મણાદિ મનુષ્યો નિર્માણ થયાં તે પ્રમાણે ચંદ્રાદિ દેવો પણ તેમનાથકી નિર્માણ થયા.

नाभ्या आसीदन्तरिक्षं शीर्ष्णो द्यौः समवर्तत ।

पद्भ्यां भूमिर्दिशः श्रोत्रात्तथा लोकाँ अकल्पयन् ॥ १३ ॥

इति नैवेद्यम् ।

પ્રજાપતિની નાભિથકી આકાશ નિર્માણ થયું, મસ્તકથકી સ્વર્ગ નિર્માણ થયું, ચરણોથકી ભૂમિ નિર્માણ થઈ અને કર્ણથકી ભૂર્લોક, ભુવર્લોક, સ્વર્લોક, મહર્લોક, જનલોક, તપોલોક અને સત્યલોક આ સાત લોકો નિર્માણ થયા. ૧૩

અગિયારમા મંત્રમાં 'पद्भ्यां शूद्रो अजायत—ચરણોથકી શૂદ્રવર્ણ નિર્માણ થયો' એમ લખેલું છે. છતાં વળી આ તેરમા મંત્રમાં પણ 'पद्भ्यां भूमिः—ચરણોથકી ભૂમિ નિર્માણ થઈ' એમ લખેલું છે. આ બાબત વિચાર કરવા જેવી છે. ઉપર્યુક્ત વચનો પરથી એમ જણાય છે કે, શૂદ્રવર્ણ ભૂમિસાથેજ નિર્માણ થયેલો હોવો જોઇએ. આનો ખુલાસો ભાષ્યોમાં પણ નથી.

यत्पुरुषेण हविषा देवा यज्ञमतन्वत ।

वसन्तोस्यासीदाज्यं ग्रीष्म इध्मः शरद्धविः ॥१४॥ इति तांबूलम् ।

પૂર્વોક્ત ક્રમ પ્રમાણે દેવશરીરો વિદ્યમાન હોતાં જે સમયે ઇંદ્રાદિ દેવોએ ઉત્તરસૃષ્ટિ નિર્માણ કરવામાટે બાહ્ય દ્રવ્યો નિર્માણ થયેલાં ન હોવાને લીધે પુરુષસ્વરૂપનેજ મનવડે હવિર્દ્રવ્ય કલ્પી

તે હવિર્ભૂત પુરુષવડે માનસયજ્ઞનો વિસ્તાર કર્યો, તે સમયે વસંત ઋતુ આજ્ય હતું, ગ્રીષ્મઋતુ ઇધ્મ હતું અને શરદ્ઋતુ પુરોડાશાદિ હવિર્દ્રવ્ય હતું. ૧૪

વિવરણ–ઇતર યાગમાં વસંત શબ્દવડે સાત્ત્વિક ગુણ, ગ્રીષ્મ શબ્દવડે રાજસ ગુણ અને શરદ્ શબ્દવડે તામસ ગુણ કલ્પવામાં આવે છે. તે દૃષ્ટિએ યોગીઓ ત્રણે ગુણોનું આત્મયજ્ઞમાં હવન કરે છે. અહીં કંડિકાવ્યુત્ક્રમ થયેલો છે એવું મહીધરાચાર્યનું મત છે. તેમના મતે આ કંડિકા પછી 'तं यज्ञं बर्हिषि प्रौक्षन्' આ નવમી કંડિકાની અને તે પછી 'तस्माद्यज्ञात्सर्वहुतः' આ છઠ્ઠી કંડિકાની અપેક્ષા છે.

सप्तास्यासन्परिधयस्त्रिः सप्त समिधः कृताः ।
देवा यद्यज्ञं तन्वाना अबध्नन्पुरुषं पशुम् ॥ १५ ॥ इति प्रदक्षिणा।

પુરુષમેધ યજ્ઞનો વિસ્તાર કરનારા ઇંદ્રાદિ દેવોએ પુરુષપશુનો વધ કર્યો. તે પુરુષમેધ યજ્ઞના ક્ષીરોદધિ આદિ સાત સમુદ્રો સાત પરિધિઓ હતા. ગાયત્રી આદિ એકવીશ છંદો તેની એકવીશ સમિધાઓ હતી. તેમજ આત્મયાગમાં સમાધિ યજ્ઞનો વિસ્તાર કરનારા જ્ઞાનવડે દેદીપ્યમાન યોગીઓએ પુરુષમેધ પશુરૂપે સ્થિત થયેલા જ્ઞાનરૂપ પશુનું ગ્રહણ કર્યું ત્યારે તેના પૃથ્વી, આપ, તેજ, વાયુ, આકાશ, મન અને બુદ્ધિ આ સાત પરિધિઓ હતા. આકાશ, વાયુ, અગ્નિ, જલ અને પૃથ્વી આ પંચમહાભૂતો, શબ્દતન્માત્રા, સ્પર્શતન્માત્રા, રૂપતન્માત્રા, રસતન્માત્રા અને ગંધતન્માત્રા આ પાંચ તન્માત્રાઓ, કર્ણેંદ્રિય, ત્વગિંદ્રિય, નયનેન્દ્રિય, રસનેંદ્રિય અને ઘ્રાણેંદ્રિય આ પાંચ જ્ઞાનેંદ્રિયો, વાગિંદ્રિય, હસ્તેંદ્રિય, ચરણેંદ્રિય, ઉપસ્થેંદ્રિય અને ગુદેંદ્રિય આ પાંચ કર્મેંદ્રિયો અને મન મળી એકવીશ તત્ત્વો તેની સમિધાઓ હતી. ૧૫

જ્યારે માનસ યજ્ઞનો વિસ્તાર કરનારા પ્રજાપતિ પ્રાણેંદ્રિય-રૂપ દેવોએ વિરાટ્ પુરુષને જ પશુ માન્યો ત્યારે તે સંકલ્પિત યજ્ઞના ગાયત્રી આદિ સાત છંદો પરિધિઓ હતા; બાર મહિના-ઓ, પાંચ ઋતુઓ, ત્રણ લોકો અને આદિત્ય મળી એકવીશ સમિધાઓ હતી. અથવા આ યજ્ઞના ક્ષીરોદધિ આદિ સાત સમુદ્રો પરિધિઓ અને ગાયત્રી, ઉષ્ણિક્, અનુષ્ટુપ્, બૃહતી, પંક્તિ, ત્રિષ્ટુપ્, જગતી, અતિજગતી, શકવરી, અતિશકવરી, અષ્ટિ, અત્યષ્ટિ, ધૃતિ, અતિધૃતિ, કૃતિ, પ્રકૃતિ, આકૃતિ, વિકૃતિ, સંકૃતિ, અતિકૃતિ અને ઉત્કૃતિ આ એકવીશ છંદોવર્ગ સમિધાઓ હતી.

વિવરણ–આત્મયજ્ઞમાં ઐહિક આહુવનીયના ત્રણ પરિધિઓ, ત્રણ ઔત્તરવેદિક પરિધિઓ અને સાતમો આદિત્ય પરિધિ મળી સાત પરિધિઓ સાત છંદોરૂપ મનાય છે. 'द्वादश मासाः पञ्चर्तवस्त्रय इमे लोका असावादित्यः–બાર માસો, પાંચ ઋતુઓ, ત્રણ લોકો અને આદિત્ય મળી એકવીશની શ્રુતિમાં ગણના કરેલી છે. તેમને સમિધાઓ કલ્પવામાં આવ્યા છે.

यज्ञेन यज्ञमयजन्त देवास्तानि धर्माणि प्रथमान्यासन् ।
ते ह नाकं महिमानः सचन्त यत्र पूर्वे साध्याः सन्ति देवाः ॥१६॥

इति नमस्कारः ।

ઇંદ્રાદિ દેવોએ જ્યોતિષ્ટોમ યજ્ઞવડે યજ્ઞરૂપ વાસુદેવનું વિધિપૂર્વક યજન કર્યું. તે યજનરૂપો મુખ્ય હતાં. મહાભાગ્ય-યુક્ત તે દેવો સ્વર્ગસ્થાનનું સેવન કરે છે. જે સ્વર્ગસ્થાનમાં તેજવડે દેદીપ્યમાન દેવો વિદ્યમાન છે. અથવા દેદીપ્યમાન યોગીઓએ પણ યજ્ઞસમાધિવડે જ્ઞાનરૂપ નારાયણનું યજન કર્યું. તેમાં સમાધિરૂપો મુખ્ય હતાં. તે યોગીઓ સનકાદિકોના સ્થાનને પામ્યા છે. ૧૬

સૃષ્ટિપ્રતિપાદક સૂક્ત ભાગાર્થ—જન્માંતરોવડે નિર્ધૂતગુણ અને શુદ્ધ થયેલા મહાભાગ્યસંપન્ન યોગીઓ નારાયણનામક પુરુષમાં પ્રવેશ કરે છે અર્થાત્ મુક્તિને પામે છે.

ઉપાસના અને તેના ફલનો અનુવાદક ભાગાર્થ—પ્રજાપતિપ્રાણરૂપ દેવોએ યથોક્ત માનસસંકલ્પ યજ્ઞવડે યજ્ઞસ્વરૂપ પ્રજાપતિનું પૂજન કર્યું. તે પૂજનથકી જગદ્રૂપ વિકારોના ધારકો મુખ્ય ભૂતો હતાં. જે વિરાટ્પ્રાપ્તિરૂપ સ્વર્ગપૃષ્ઠપર સાધ્યો—પુરાતન વિરાડુપાધિસાધક દેવો વસે છે તે વિરાટ્પ્રાપ્તિરૂપ સ્વર્ગને તેના ઉપાસક મહાત્માઓ મેળવે છે.*

ॐ तत्सद्ब्रह्मस्वरूपिणे श्रीमद्गुरवे
योगिवर्ययाज्ञवल्क्यमहर्षये नमः ।

श्रीकृष्णार्पणमस्तु ।

---

* 'ગુજરાતી'ના તા૦ ૩ સપ્ટેંબર ૧૯૩૯ ના 'શ્રીકૃષ્ણાંક'માંથી ઉદ્ધૃત.

બહાર પડી ચુક્યું છે   બહાર પડી ચુક્યું છે

સભામાં બેસનારા શાસ્ત્રીજીઓ, પૌરાણિકો, અને નિત્ય પાઠ કરનારાઓ માટે અપૂર્વ સગવડ.

સચૂર્ણિક-શ્રીમદ્ ભાગવત

૧ હિંદના મહાન્ ભાગવતાચાર્ય શ્રીમદ્વલ્લભાચાર્યપ્રણીત ગ્રંથોને આધારે ભાગવતના શાસ્ત્ર, સ્કંધ, પ્રકરણ અને અધ્યાયાર્થ પણ આ ગ્રંથમાં ખાસ ઉમેરવામાં આવ્યા છે. જે ભાગવતપ્રેમી જનોને અત્યંત ઉપયોગી છે.

૨ દશમસ્કંધના ૮૭ મા અધ્યાયની વેદસ્તુતિ ઉપર ચૂર્ણિકા, શ્રીધરસ્વામીની કારિકા, શ્રીવલ્લભાચાર્યની કારિકા અને લઘુટીકા ખાસ આપવામાં આવ્યાં છે.

૩ મૂળ ગ્રંથ અને વિસ્તૃત ચૂર્ણિકા ટીકા મોટા સુંદર ટાઇપમાં અને ઉંચા ચીકણા ગ્લેઝ કાગળ ઉપર છાપેલાં છે.

૪ અત્યાર સુધીમાં છપાયલા શ્રીમદ્ભાગવતના ગ્રન્થોમાં શુદ્ધિમાં અને છપાઇમાં અને ટિપ્પણોમાં આના જેવું બીજું પુસ્તક નથી.

૫ ગ્રંથ મૂળ સંસ્કૃત ભાષામાં વિસ્તૃત ચૂર્ણિકા ટીકાસહિત પાનીઆ પોથી સાઇઝમાં છાપેલો છે.

૬ અગાઉથી ગ્રાહક થનારને રૂ. ૧૨. ટ. ખ. જૂદું.

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ કોટ, મુંબઈ

ગુજરાતી પ્રેસની

પંચદશી

"ચન્દ્રકાન્ત" વિવરણ સહિત

(ત્રીજી આવૃત્તિ—સચિત્ર)

અનુવાદક અને "ચન્દ્રકાન્ત" વિવરણ લખનાર

કર્તા—ઇચ્છારામ સૂર્યરામ દેસાઈ

સચોટ અને બોધપ્રદ દૃષ્ટાંતોથી 'ચંદ્રકાંત'ની રચના પ્રમાણે ગુરૂ—શિષ્યના સંવાદરૂપે વેદાંતનાં ગૂઢ રહસ્યોની સમજણ નીચે પ્રમાણે આપવામાં આવી છેઃ—

વેદાન્ત જ્ઞાનનો આ ગ્રન્થ પૂજ્યપાદ ભગવાન્ શ્રીમચ્છંકરાચાર્યની ગાદીપર વિરાજનાર વિદ્યારણ્ય સ્વામીનો રચેલો છે. એનાપર વિસ્તારસહિત ચન્દ્રકાન્ત નામનું વિવરણ સ્વ. ઇચ્છારામ સૂર્યરામ દેસાઇએ લખેલું છે, જે એવી તો સરળતાથી આપવામાં આવ્યું છે કે, સાધારણમાં સાધારણ વેદાન્તનો જિજ્ઞાસુ પણ વેદાન્ત જેવા ગહનમાં ગહન વિષયની અંદર અતિ સરળતાથી પ્રવેશ કરી શકે (૧) પ્રથમ અવતરણિકા આપવામાં આવેલી છે, (૨) પછી મૂળ શ્લોક, (૩) પ[...] શબ્દાર્થ અને (૪) તેની નીચે વિસ્તારવાળું ચંદ્રકાન્ત વિવરણ આપવા[...] આવ્યું છે. જિજ્ઞાસુને સમજવાને સરળ થઈ પડે તેટલા માટે સ્થળે સ[...] દૃષ્ટાંતોથી અને સંવાદોથી સિદ્ધાંતો સિદ્ધ કરેલા છે. આ પ્રકારની કોઈ પણ બ[...] ટીકા ગુજરાતી ભાષાના કોઈ પણ ગ્રન્થમાં થઈ નથી. વિદ્યારણ્ય સ્વામીનું સપ્ર[...] ચરિત્ર પણ આપેલું છે. આ ગ્રન્થ સુધારી વધારીને છપાવવામાં આવ્યો[...]

પૃષ્ઠ ૬૧૪; પાકાં પૂઠાં અને ઉત્તમ કાગળપર છાપેલું છે.

કિંમત રૂ. ૮—૦—૦. ટ. ખ. ૦—૧૨—૦

"ગુજરાતી" પ્રિન્ટીંગ પ્રેસ,

સાસુન બિલ્ડીંગ, એલ્ફીન્સ્ટન સર્કલ કોટ, મુંબઇ